પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૮૧ | ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૨, રવિવાર; ભાદરવા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં ગણેશ વિસર્જન દરમિયાન ૨૦નાં મોત

## હરિયાણાના મહેન્દ્રગઢમાં ઝગરોલી કેનાલમાં ગણેશની મૂર્તિના વિસર્જન દરમિયાન આઠ લોકો ડૂબી ગયા હતા



નવી દિલ્હી, તા.૧૦

ગણપતિ વિસર્જન દરમિયાન દેશના અલગ-અલગ રાજ્યોમાં અનેક દુર્ઘટનાઓ બની છે. મહારાષ્ટ્ર, હરિયાણા, ઉત્તર પ્રદેશમાં ગણપતિ પ્રતિમાના વિસર્જન દરમિયાન બનેલી ઘટનાઓમાં કુલ ૧૫ લોકોના મોત થઈ ગયા છે અને બીજા અનેક લોકો ઘાયલ થયા છે. હરિયાણાના મહેન્દ્રગઢમાં ઝગરોલી કેનાલમાં ગણેશની મૂર્તિના વિસર્જન દરમિયાન આઠ લોકો ડૂબી ગયા હતા જેમાંથી ૪ના મોત થયા હતા. બીજી તરફ સોનીપતમાં યમુના નદીમાં ડૂબી જવાથી ૨ના મોત અને ૨ હજુ પણ લાપતા છે. ઉત્તર પ્રદેશના અલગ-અલગ જિલ્લામાં ૮ લોકોના મોત થયાના અહેવાલ છે. સંત કબીર નગરમાં આમી નદીમાં ગણપતિ વિસર્જન દરમિયાન ૪ બાળકો ડૂબી ગયા જે ચારેય ભાઈ-બહેન હતા. તમામ મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા છે. લલિતપુર અને ઉન્નાવમાં વિસર્જન દરમિયાન ડૂબી જવાથી ૨-૨ લોકોના મોત થયા છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે સંતકબીર નગરમાં ભાઈ નદીમાં ઉતર્યો તો તે ડૂબવા લાગ્યો તેને બચાવવામા ચક્કરમાં ત્રણ બહેનો પણ પાણીમાં ઉતરી ગઈ હતી. મુંબઈના પનવેલમાં ગણેશ પ્રતિમા વિસર્જન દરમિયાન જનરેટર

● અનુસંધાન પાન-૭ પર

# મૂસેવાલા હત્યાકાંડમાં વધુ ત્રણ આરોપીઓની ધરપકડ

## કેન્દ્રિય એન્જસીઓની મદદથી પંજાબ-દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની વચ્ચે સંયુક્ત ઓપરેશન હાથ ધરાયું



નવી દિલ્હી, તા.૧૦

પંજાબ પોલીસ અને દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલને એક મોટી સફળતાના રૂપમાં પશ્ચિમ બંગાળથી સિદ્ધૂ મૂસેવાલા હત્યાકાંડમાં સામેલ ત્રણ ફરાર શાર્પ શૂટરોની ધરપકડ કરી છે.

ડીજીપી પંજાબે જણાવ્યું છે કે આ કેન્દ્રિય એન્જસીઓની મદદથી પંજાબ અને દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલની વચ્ચે એક સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દીપક ઉર્ફે મુંડી અને તેના સાથીદાર કપિલ પંડિત અને રાજેન્દ્ર ઉર્ફે જોકરની ધરપકડ કરવામાં આવી છે.

ડીજીપીએ આગળ જાણકારી આપતા જણાવ્યું હતું કે, દીપક, પંડિત અને રાજિંદરને આજે એજીટીએફ (એન્ટી ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ) ટીમ દ્વારા પશ્ચિમ બંગાળ- નેપાળ સરહદ પર એક ખાનગી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં તેમની ધરપકડ કરવામાં આવી છે. દીપક બોલેરો મોડ્યૂમમાં શૂટર હતો. પંડિત અને રાજિંદરે તેને હથિયારો અને ઠેકાણામાં છુપાવા સહિતની લોજિસ્ટિકલ સપોર્ટ આપવામાં આવી હતી.

તમને જણાવી દઈએ કે સિદ્ધૂ મૂસેવાલા નામથી જાણીતા ગાયક શુભદીપ સિંહ સિદ્ધૂની ૨૯ મેના રોજ પંજાબના માનસા જિલ્લામાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. મૂસેવાલા જ્યારે પોતાના મિત્ર અને સંબંધીઓની સાથે એક જીપમાં સવાર થઈને માનસાના જવાહરના ગામડામાં જઈ રહ્યા હતા, ત્યારે જ ૬ લોકોએ તેમનો રસ્તો રોક્યો અને તેમના પર ગોળીઓ વરસાવી હતી.

# જ્ઞાનવાપી કેસનો સોમવારે ચુકાદો

## હિન્દુ પક્ષના દાવા મુજબ, ૧૯૯૩ સુધી મસ્જિદના કેટલાક ભાગોમાં હિન્દુ ધાર્મિક વિધિઓ અનુસાર પૂજા કરાઈ હતી

નવી દિલ્હી, તા.૧૦

કાશી વિશ્વનાથ મંદિરને અડીને આવેલી જ્ઞાનવાપી મસ્જિદના વિવાદ અંગે બનારસની કોર્ટમાંથી ૧૨ સપ્ટેમ્બરે આવનારા ચુકાદા પર હવે તમામની નજર છે. જ્ઞાનવાપી મંદિર-મસ્જિદ વિવાદનું ભવિષ્ય ૧૨ સપ્ટેમ્બરે ચુકાદો આવ્યા બાદ જ નક્કી થશે.

અલ્હાબાદ હાઈકોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ઘણા દાવા કરવામાં આવ્યા હતા, જેમાં કહેવામાં આવ્યું હતું કે ૧૬મી સદીમાં મુગલ બાદશાહ ઔરંગઝેબે કાશી વિશ્વનાથ મંદિરને તોડીને જ્ઞાનવાપી મસ્જિદ બનાવી હતી.

હકીકતમાં, કાશી વિશ્વનાથ મંદિર અને જ્ઞાનવાપી મસ્જિદને લઈને અલગ-અલગ કોર્ટમાં અડધો ડઝનથી વધુ કેસ પેન્ડિંગ છે. પરંતુ, આ કેસ ખૂબ જ ખાસ છે કારણ કે તત્કાલીન સિવિલ જજ રવિ કુમાર દિવાકરે આ જ મામલે કમિશનના આદેશો જારી કર્યા હતા. આ પછી જ્ઞાનવાપી મસ્જિદના આખા સંકુલની કમિશનિંગની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કમિશનની કાર્યવાહી દરમિયાન મસ્જિદની પરિસરમાં શિવલિંગ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. હિન્દુ પક્ષના દાવા મુજબ, ૧૯૯૩ સુધી, મસ્જિદના કેટલાક ભાગોમાં હિન્દુ ધાર્મિક વિધિઓ અનુસાર પૂજા કરવામાં આવી હતી અને આ જ્ઞાનવાપી મસ્જિદનું સંપૂર્ણ માળખું મંદિરને તોડીને બનાવવામાં આવ્યું છે.

જો કે, મુસ્લિમ પક્ષે તેને ફવ્વારો ગણાવ્યો હતો. વિવાદ એટલો વધી ગયો કે, અંજુમન ઈન્તેજામિયા કમિટી આ

● અનુસંધાન પાન-૭ પર










**વેચવાનો છે**
ફુલ ફરનીશ બંગલો વેચવાનો છે
૩૪૦ વાર પ્લોટ એરિયા (કારપેટ)
૨૬૫ વાર બાંધકામ
પટેલ સોસાયટી, અડાલજ (અન્નપૂર્ણા) સર્કલ નજીક
મો. ૯૨૨૮૧૦૭૩૮૫

**LED TV રીપેરીંગ**
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

**DJ DIAMOND**
9898318815

**URGENT REQUIREMENT**

(1) Receptionist – 01 Vacancy.
English/Gujarati/Hindi Speaking, Knowledge of Email, Microsoft Office and Back office work.

(2) Production / QC Engineer (B.E / DME) - 02 Vacancy.
3 to 4 Years Experience in Mechanical Manufacturing Company Knowledge of Production line and QC of various casting & machined parts and finished products. Should be able to do QC at vendor site. **Auto cad or Master cam would be preferable.**

(3) Electronics / Mechanical Technician – 06 Vacancy
ITI in Electronics/Mechanical or Diploma in Electronics / Mechanical with 1-2 years of Experience. **Fresh also can apply.**

(4) Sales & Service Technician/ Engineer.
Should speak English/Hindi/Gujarati. Should be in a position to travel, Two-wheeler must. Male /Female

(5) Factory Manager.
8 to 10 years Experience in Valve or Valve related manufacturing Industries, should have exceptional managerial skill. Engineering Degree + MBA.

Please send your resume on below email: sales@fluconautomationinc.com

Ravi Electronics
E104/105 GIDC. Electronics Zone, SECTOR-26, GANDHINAGAR

**જોઈએ છે**
પેથાપુર મુકામે આવેલ મોટેશ્વર ભવનમાં નીચે મુજબના સ્ટાફની જરૂરીયાત છે.

| | | |
|---|---|---|
| (૧) | ક્લાર્ક કમ એકાઉન્ટન્ટ - (ટેલી જાણકાર) | ૧ |
| (૨) | મેનેજર - (ત્રણ વર્ષનો અનુભવ) - (જાહેર કે ખાનગી સંસ્થામાં) | ૧ |
| (૩) | સફાઈ કામદાર - | ૩ |
| (૪) | ચોકીદાર - | ૧ |
| (૫) | માળી - | ૧ |

ઉપરોક્ત હોદ્દા માટે રસ ધરાવનારે દિન દસમાં નીચેના સરનામે અરજી કરવી
શ્રી મોટેશ્વરી ભવન
પેથાપુર - રાંધેજા રોડ, પાણીની ટાંકી પાસે, મુ. પો. પેથાપુર, જી. ગાંધીનગર
મો. નં. ૯૪૨૬૫ ૦૮૭૦૦